ગાંધીનગર સમાચાર

# કાળા નાણા સ્વદેશ પરત લવાશે જ

## મન કી બાત કાર્યક્રમમાં મોદીએ લોકોને ખાતરી આપી : ૧૮ મિનિટના સંબોધનમાં મોદીએ આરોગ્ય, સ્વચ્છ ભારત અભિયાન, વિકલાંગ બાળકો, ખાદીના વધી ગયેલા વેચાણ સહિતના મુદ્દા પર વાત કરી

નવીદિલ્હી,તા. ૨

આકાશવાણી ઉપર વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આજે ફરીવાર મન કી બાત કાર્યક્રમ મારફતે પોતાની પ્રતિક્રિયાઓ આપી હતી. મોદીએ જુદા જુદા વિષયો ઉપર વાત કરી હતી. આ વાતચીત દરમિયાન મોદીએ દેશમાં ભારે ચર્ચા જગાવનાર કાળા નાણાના મુદ્દે વાત કરી હતી. મોદીએ દેશના લોકોને ખાતરી આપી હતી કે, કાળા નાણાને પરત લાવવા માટે તેઓ કટિબદ્ધ છે. કાળા નાણાની રકમ કેટલી છે તે અંગે તેમની પાસે માહિતી નથી પરંતુ કાળા નાણાને સંપૂર્ણપણે પરત લાવવામાં આવશે.

એક-એક રૂપિયાને પરત લાવવામાં આવશે. દેશના લોકોને દિવાળીની શુભેચ્છા પણ મોદીએ આપી હતી. સાથે સાથે સ્વચ્છ અભિયાનના અનુભવની પણ વાત કરી હતી. મોદીએ ખાદીના વેચાણમાં વધારાનો ઉલ્લેખ કર્યો હતો. વિકલાંગ બાળકો તરફ વિશેષ ધ્યાન આપવાની વાત કરી હતી. મોદીએ આ કાર્યક્રમમાં સૌથી વિશેષરીતે કાળા નાણાનો મુદ્દો ઉઠાવ્યો હતો. તેમણે કહ્યું હતું કે, વિદેશમાં કાળા નાણાની રકમ કેટલી છે તે અંગે તેમની પાસે માહિતી નથી પરંતુ તેઓ કાળા નાણાને પરત લાવીને જ માનશે. દેશના લોકોને મોદીએ અપીલ કરીને કહ્યું હતું કે, લોકો વડાપ્રધાન ઉપર વિશ્વાસ કરે તેવો કાળા નાણાને પરત લાવીને જ માનશે. મોદીએ આને પોતાના માટે આર્ટીકલ ઓફ ફેઈથ તરીકે ગણાવીને વાત કરી હતી. મોદીએ એમ પણ કહ્યું હતું કે, ભારતના લોકોના જે પૈસા બહાર ગયા છે તે તમામ નાણા પરત આવશે. દેશના ગરીબ લોકોના પૈસા ચોક્કસપણે પરત લાવવામાં આવશે. મન કી બાત કાર્યક્રમ દરમિયાન મોદીએ દેશમાં ખાદી તરફ લોકોના પ્રેમ અને અનુભવ અંગે વાત કરી હતી. બીજી વખત મોદીએ મન કી બાત કાર્યક્રમ દરમિયાન પોતાની ઈચ્છા શક્તિ રજૂ કરી હતી. પ્રથમવાર પોતાના સંબોધન દરમિયાન મોદીએ દેશના દરેક નાગરિકને ખાદીના એક પ્રોડક્ટની ખરીદી કરવાની વાત કરી હતી. મોદીએ આંકડાઓની વાત કરતા કહ્યું હતું કે, ઓક્ટોબરના પ્રથમ સપ્તાહમાં ખાદીના વેચાણમાં ૧૨૫ ટકાનો વધારો થયો છે. પીએમે એમ પણ કહ્યું હતું કે, ક્યારેક તેમને એમ લાગે છે કે, સરકાર ખુબ પાછળ છે. ઘણી બધી સારી બાબતો હવે જાણવા મળી રહી છે. સ્વચ્છતા અભિયાનની સફળતાની વાત કરતા તેમણે કહ્યું હતું કે, કોઈએ એવી કલ્પના કરી ન હશે કે સાફ સફાઈ ઝુંબેશ એક આંદોલનના સ્વરુપમાં આવી જશે. સામાન્ય લોકોને પણ એવું લાગવા લાગ્યું છે કે, અગાઉની વાત છોડીને હવે ગદંગી નહીં કરવાની જરૂર છે. મધ્યપ્રદેશના એક વ્યક્તિ તરફથી મળેલા મેઈલની પણ તેમણે વાત કરી હતી. વિકલાંગ બાળકો માટે વિશેષ નીતિની પણ તેમણે વાત કરી હતી. તેમણે કહ્યું હતું કે, માનવ સંશાધન વિકાસમંત્રાલય હવે દરેક કેન્દ્રીય વિદ્યાલય અને સેન્ટ્રલ યુનિવર્સિટીમાં ખાસ વિકલાંગ બાળકોના ઈન્ફ્રાસ્ટ્રક્ચર માટે એક લાખ રૂપિયા આપશે. મંત્રાલયે એક હજાર વિકલાંગ બાળકો માટે સ્કોલરશીપની યોજના પણ બનાવી છે. અમારી આંતરિક શક્તિને ઓળખી કાઢવાની જરૂર છે. ૧.૨૫ કરોડ ભારતીય લોકોમાં ઘણી બધી ક્ષમતાઓ રહેલી છે. સ્વચ્છ ભારત અભિયાનની બાળકો ઉપર ખુબ અસર થઈ છે. લોકો પણ હવે પોતાની આસપાસ ગંદગી કરતા બે વખત વિચારવા લાગ્યા છે. બાળકો પર અસર ખુબ સારી બાબત છે.

# ગૃહ, શહેરી વિકાસ જેવા ખાતા ફડનવીસે પોતાની પાસે રાખ્યા

## મહારાષ્ટ્રમાં ખાતાઓની ફાળવણી કરી દેવાઈ : એકનાથ ખડસેને રેવેન્યુ, કૃષિ, ડેરી વિકાસ ખાતુ સોંપાયું મુંડેની પુત્રી પંકજાને ગ્રામીણ વિકાસ ખાતુ સોંપવામાં આવ્યું

મુંબઈ, તા. ૨

મહારાષ્ટ્રમાં ભાજપના

ભાજપના પ્રથમ મુખ્યમંત્રી તરીકેની જવાબદારી સંભાળી લીધાના બે દિવસ બાદ દેવેન્દ્ર ફડનવીસે આજે ખાતાઓની ફાળવણી કરી હતી. ફડનવીસે ગૃહ અને શહેરીવિકાસનું ખાતુ પોતાની પાસે રાખ્યું છે. આ ઉપરાંત અન્ય ૧૨ ખાતાઓ પણ પોતાની પાસે રાખ્યા છે. જેમાં હાઉસિંગ, એનર્જી, સિંચાઈ, પર્યાવરણનો સમાવેશ થાય છે. આ ખાતાઓની ફાળવણી વિસ્તરણ દરમિયાન ભાજપના નેતાઓને આપવામાં આવશે. અથવા તો જો શિવસેના સરકારમાં સામેલ થવાનો નિર્ણય કરશે તો તેને આ ખાતાઓ ફાળવવામાં આવશે. ચાવીરુપ ખાતાઓને લઈને કેટલીક ગુચવણ હતી જેથી ખાતાઓની ફાળવણીમાં વિલંબ થયો છે. ભાજપના વરિષ્ઠ નેતા એકનાથ ખડસેને રેવેન્યુ, કૃષિ, પશુ સંવર્ધન, ડેરી ખાતા સોંપાયા છે. વિનોદ તાવડેને સ્કૂલ શિક્ષણનું ખાતુ સોંપાયું છે. સુધીર મુંગાનતીવર નાણાં ખાતુ સંભાળશે. આવી જ રીતે પ્રકાશ મહેતાને ઉદ્યોગ અને ખાણ ખાતુ સોંપાયું છે. ભાજપના સ્વર્ગસ્થ નેતા ગોપીનાથ મુંડેની પુત્રી પકંજા મુંડેને ગ્રામીણ વિકાસ, જળ જતન, મહિલા અને બાળ વિકાસ ખાતું સોંપાયું છે. ઉપરાંત તે મહારાષ્ટ્રને બાળ મંજુરીમાંથી મુક્ત કરવાની જવાબદારી સંભાળશે. ભાજપના નેતા ચંદ્રકાંત પાટિલને કો-ઓપરેશન અને માર્કેટિંગ ખાતા સોંપાયા છે. પાટિલને ટેક્સટાઈલનું ખાતું પણ સોંપાયું છે. તેમની ઉપર ઘણા પ્રોજેક્ટોને ફરી સજીવન કરવાની મોટી જવાબદારી આવી ગઈ છે. કોંગ્રેસ અને એનસીપી વચ્ચે ખેંચતાણના પરિણામ સ્વરુપે આ પ્રોજેક્ટો અટવાઈ પડ્યા હતા. આદિવાસી નેતા વિષ્ણુ સાવરા આદિવાસી વિકાસ અને સામાજિક ન્યાયની જવાબદારી સંભાળશે. ભાજપના નેતા દિલીપ કાંબલે સામાજિક ન્યાયની જવાબદારી સંભાળશે. વિદ્યા ઠાકુર ગ્રામીણ વિકાસની જવાબદારી સંભાળશે. પંકજાના રાજ્યપ્રધાનની જવાબદારી પણ તેઓ સંભાળશે. મહેતા અગાઉ ૧૯૯૫-૯૯ વચ્ચેના ગાળામાં ભાજપ શિવસેના શાસન દરમિયાન આબકારી પ્રધાન હતા.

# ભાજપ સાથે વાતચીત ચાલી રહી છે : ઉદ્ધવ

## સરકારમાં જોડાવવા અંગે ટૂંકમાં નિર્ણય

મુંબઈ, તા. ૨

મહારાષ્ટ્રમાં ભાજપ સરકારમાં પૂર્વ સાથી પક્ષ શિવસેના સામેલ થશે કે કેમ તે અંગે ચાલી રહેલી અનિશ્ચિતતા વચ્ચે આજે ઉદ્ધવ ઠાકરેએ કહ્યું હતું કે, ભાજપ અને શિવસેના વચ્ચે વાતચીત હકારાત્મક માહોલમાં આગળ વધશે અને આ વાતચીત જારી રહેશે. શિવસેનાના પ્રવક્તા નિલમ ગોરહે દ્વારા આજે આ મુજબની માહિતી આપવામાં આવી હતી. તેમણે કહ્યું હતું કે, શિવસેના પ્રમુખ ઉદ્ધવ ઠાકરે, ભાજપના નેતા અમિત શાહ અને અરુણ જેટલી સાથે વિસ્તૃત વાતચીત કરી ચુકયા છે. શિવસેના અને ભાજપના પ્રતિનિધિઓ કોઈ નક્કર તારણ ઉપર પહોંચી જશે. તેમણે એમ પણ કહ્યું હતું કે, મહારાષ્ટ્રના વિકાસ માટે જે કંઈ પણ નિર્ણય લેવાની જરૂર હશે તે નિર્ણય ચોક્કસપણે લેવામાં આવશે. સરકારમાં ભાગીદારીને લઈને પણ આગળ વધી શકાય છે. બીજી બાજુ ભાજપે આજે કહ્યું હતું કે, આ મહિનાના બીજા સપ્તાહમાં મળનાર ખાસ સત્ર દરમિયાન તે વિશ્વાસમત હાંસલ કરી લેશે. પક્ષના વરિષ્ઠ નેતાએ કહ્યું હતું કે, વિશ્વાસમત જીતવા માટે અમારી પાસે પુરતા આંકડા છે. શિવસેના સાથે હકારાત્મક માહોલમાં વાતચીત ચાલી રહી છે.

# ખરાબ વર્તન કરનાર વાઢેરાનો દિગ્વિજય દ્વારા બચાવ કરાયો

## ફાઈવ સ્ટાર હોટલમાં વાઢેરા લાલઘૂમ થયા : એએનઆઈના પત્રકાર સાથે ખરાબ વર્તન બદલ રાજકીય હોબાળો : મોડેથી વાઢેરાએ ખુલાસો કર્યો પરંતુ વિખવાદ

નવીદિલ્હી, તા. ૨

કોંગ્રેસના જનરલ સેક્રેટરી દિગ્વિજયસિંહે આજે વેપારી અને કોંગ્રેસ પ્રમુખ સોનિયા ગાંધીના જમાઈ રોબર્ટ વાઢેરાનો બચાવ કર્યો હતો અને કહ્યુંહતુંકે, નજીવા બનાવને મિડિયામાં જે રીતે ચમકાવવામાં આવી રહ્યો છે તેને લઈને તેઓ આશ્ચર્યચકિત છે. દિગ્વિજયસિંહે કહ્યું હતું કે, મિડિયામાં વધારે પડતું ધ્યાન આપવામાં આવી રહ્યું છે. ખાનગી વ્યક્તિને શા માટે બિનજરૂરીરીતે હેરાન કરવામાં આવી રહ્યા છે. જો કોઈ કાયદાનો ભંગ કરવામાં આવ્યો છે તો કાર્યવાહી કરી શકાય છે. જો કોઈ સંપત્તિ મામલે પગલા લીધા છે તો સંપત્તિ જપ્ત થઈ શકે છે પરંતુ બિનજરૂરી રીતે પાછળ પડવાની બાબત યોગ્ય નથી. કોંગ્રેસના નેતાએ વધુમાં કહ્યું હતું કે, અમે રાજકારણીઓ મિડિયાને લઈને હંમેશા સાવધાન રહીએ છીએ.

અગાઉ રોબર્ટ વાઢેરાએ એએનઆઈના પત્રકાર સાથે ખરાબ વર્તન કરતા ભારે હોબાળો મચી ગયો હતો. પત્રકાર સાથે ખરાબ વર્તન પણ કરવામાં આવ્યું હતું. ખરાબ ભાષાનો પણ ઉપયોગ કરવામાં આવ્યો હતો. હરિયાણામાં જમીન સોદાબાજીને લઈને પ્રશ્નો કરવામાં આવ્યા બાદ રોબર્ટ વાઢેરા લાલઘૂમ થઈ ગયા હતા. વાઢેરાએ પત્રકાર સાથે ખરાબ વર્તનની સાથે સાથે કેમેરાને નુકસાન કર્યું હતું. વાઢેરાએ વારંવાર ગંભીર પ્રકારના પ્રશ્નો કર્યા હતા. વાઢેરા અને તેમના સુરક્ષા ગાર્ડોએ પત્રકારને ધમકી પણ આપી હતી અને અશોક હોટલ ખાતે યોજાયેલી પાર્ટીમાં તેની સાથે શરમજનક વર્તન કરાયું હતું. મોડેથી રોબર્ટ વાઢેરા ખુલાસો કરીને કહ્યું હતું કે, તેમની પાસે માહિતી ન હતી કે, તે પત્રકાર છે.

# મહારાષ્ટ્ર : વિશ્વાસમત વેળા એનસીપી ટેકો આપવા તૈયાર

## શિવસેનાના કઠોર વલણ વચ્ચે ભાજપને રાહત : ૧૦મી નવેમ્બરથી મહારાષ્ટ્ર વિધાનસભાનું ત્રણ દિવસનું સત્ર : ૧૩ નવેમ્બરે એક લાઈનની વિશ્વાસ દરખાસ્ત રજૂ

મુંબઈ, તા. ૨

રાષ્ટ્રવાદી કોંગ્રેસ પાર્ટીએ કહ્યું છે કે, મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડનવીસ દ્વારા રજૂ કરવામાં આવનાર વિશ્વાસ દરખાસ્તને તેમની પાર્ટી ટેકો આપશે. ૧૦મી નવેમ્બરથી શરૂ થતાં મહારાષ્ટ્ર વિધાનસભાના ત્રણ દિવસના સત્ર દરમિયાન દેવેન્દ્ર ફડનવીસ દ્વારા વિશ્વાસ દરખાસ્ત રજૂ કરવામાં આવશે. એનસીપીનો નિર્ણય ફડનવીસ માટે ખુબ જ યોગ્ય સાબિત થઈ શકે છે. કારણ કે એનસીપી ૪૧ ધારાસભ્યો ધરાવે છે. એનસીપીના પરિણામ સ્વરુપે ભાજપ હવે વિધાનસભામાં સરળતા વિશ્વાસમત જીતી જશે. હાલમાં યોજાયેલી વિધાનસભાની ચૂંટણીમાં ભાજપે ૧૨૨ બેઠકો જીતી હતી પરંતુ ૨૩ બેઠકો બહુમતિ માટે ખુટી ગઈ હતી. ભાજપને રાહત થઈ છે કારણ કે, શિવસેના દ્વારા હજુ વિશ્વાસમતને ટેકો આપવાની તૈયારી બતાવી નથી. શિવસેના દ્વારા પ્રધાન પદના ખાતાઓની ખાતરી કરવામાં આવી રહી છે. શિવસેનાએ એવો સંકેત આપ્યો છે કે, જો પાર્ટીને સરકારમાં સ્થાન નહીં મળે તો તેના ૬૩ ધારાસભ્યો વિરોધ પક્ષમાં બેસસે. ભાજપને ૧૪ અપક્ષ અને નાના પક્ષો તરફથી ટેકો મળી ગયો છે. ૪૨ ધારાસભ્યો સાથે કોંગ્રેસ પાર્ટીએ જાહેરાત કરી છે કે, તે વિશ્વાસ દરખાસ્તનો વિરોધ કરશે જ્યારે અન્ય કેટલાક પક્ષોએ કહ્યું છે કે, તેઓ દરખાસ્તને ટેકો આપશે નહીં. ૧૯મી ઓક્ટોબરના દિવસે પરિણામ જાહેર કરવામાં આવ્યા તે જ દિવસે એનસીપીએ ભાજપને બિનશરતી ટેકો આપવાની જાહેરાત કરી હતી. ભાજપ દ્વારા ૧૩મી નવેમ્બરના દિવસે એક લાઈનમાં વિશ્વાસ દરખાસ્ત રજૂ કરવામાં આવશે. આ દરખાસ્ત મહારાષ્ટ્ર વિધાનસભા અધ્યક્ષની ચૂંટણી બાદ મતદાન માટે રજૂ કરાશે. એનસીપી તરફથી ટેકો મળ્યા બાદ હવે ભાજપને હવે કોઈ ચિંતા દેખાઈ રહી નથી. બીજી બાજુ શિવસેના પણ હળવાશના મૂડમાં છે.

# શાહનવાઝ હુસૈનને મારી નાંખવાની ધમકી મળી છે

નવીદિલ્હી, તા. ૨

ભાજપના વરિષ્ઠ નેતા શાહનવાઝ હુસૈનને મારી નાંખવાની ધમકી મળતા ચકચાર મચી ગઈ છે. પોલીસે આ સંદર્ભમાં કેસ નોંધીને વધુ તપાસ

હાથ ધરી છે. ફોન ઉપર શાહનવાઝ હુસૈનને આ ધમકી મળી છે. ફોન કરનાર શખ્સે ધમકી આપીને કહ્યું હતું કે, ભાજપ અને વડાપ્રધાન નરેન્દ્ર મોદી સાથે તેમના સંબંધોના કારણે આ ધમકી આપવામાં આવી રહી છે. દુબઈથી આ ફોન કરવામાં આવ્યો હોવાનું જાણવા મળ્યું છે. સંસદીય પોલીસ સ્ટેશન ભાજપના નેતા દ્વારા કેસ નોંધાવવામાં આવી ચુકયો છે. સમગ્ર મામલામાં ઉંડી તપાસ હવે હાથ ધરાઈ છે. બીજી બાજુ ભાજપ તરફથી આ સંદર્ભમાં હજુ સુથી કોઈ પ્રતિક્રિયા આપવામાં આવી નથી. ફોન કરનાર શખ્સ અંગે પણ વધુ માહિતી મળી શકી નથી. શાહનવાઝ હુસૈન ભાજપના વરિષ્ઠ નેતા છે અને ચૂંટણી પ્રચાર દરમિયન મિડિયામાં વાતચીત કરવાની જવાબદારી શાહનવાઝ હુસૈનને સોંપવામાં આવી હતી. ભાજપના વરિષ્ઠ નેતા શાહનવાઝ હુસૈને તેમને મળેલી ધમકીના સંદર્ભમાં હજુ સુધી કોઈ પ્રતિક્રિયા આપી નથી પરંતુ તેમની સુરક્ષાને લઈને પક્ષમાં ચર્ચા જામી છે. તેમની સુરક્ષા તરફ વધુ ધ્યાન આપવામાં આવે તેવી વકી છે. કોઈ કટ્ટરપંથી શખ્સ તરફથી આ ધમકી મળી હોવાનું પ્રાથમિકરીતે જાણવા મળ્યું છે.

# પોલીસમાં ખાલી જગ્યાઓ ભરવા કેન્દ્રનો રાજ્યોને આદેશ

## દેશમાં ગુનાઓ વધતા એક વર્ષમાં જગ્યાઓ ભરાશે : તમામ રાજ્યો તેમજ કેન્દ્ર શાસિત પ્રદેશોના ડીજીપી અને ચીફ સેક્રેટરીને પત્ર લખી કેન્દ્રીય ગૃહ સચિવે આદેશ કર્યો

નવીદિલ્હી,તા. ૧

દેશભરમાં પોલીસ ફોર્સમાં હાલ ૫.૫ લાખ જગ્યા ખાલી છે ત્યારે હવે આ દિશામાં ઝડપથી આગળ વધવા કેન્દ્ર સરકાર ગંભીર દેખાઈ રહી છે. કેન્દ્ર સરકારે એક વર્ષની અંદર ૫.૫ લાખ પોલીસ જગ્યા ભરવા માટે રાજ્યોને આદેશ આપ્યો છે. સમયસરરીતે તમામ જગ્યા ભરવા માટે સુચના આપવામાં આવ્યા બાદ રાજ્યો પણ સક્રિય દેખાઈ રહ્યા છે. દેશના જુદા જુદા ભાગોમાં હાલમાં ક્રાઈમ ગ્રાફ વધારે ઉપર જઈ રહ્યો છે ત્યારે પોલીસ ભરતીની પ્રક્રિયાને ઝડપી બનાવવા માટે કહેવામાં આવ્યું છે. તમામ રાજ્યો અને કેન્દ્ર શાષિત પ્રદેશોના ડીજીપી અને ચીફ સેક્રેટરીને અલગ અલગ પત્ર મોકલીને કેન્દ્રિય ગૃહ સચિવ અનિલ ગોસ્વામીએ કહ્યું છે કે દેશના વિવિધ ભાગોમાં આઈપીસી ક્રાઈમ વધ્યા છે. ગુનાનો આંકડો વર્ષ ૨૦૧૩માં ૨૬૪૭૭૨૨ સુધી પહોંચી ગયો છે જે આંકડો વર્ષ ૨૦૦૯માં ૨૧૨૧૩૪૫ હતો. ગુનાઓના આવા પ્રવાહને રોકવા માટે જે જરૂરી બાબતો સપાટી પર આવી છે તેમાં એક બાબત રાજ્ય પોલીસ ફોર્સમાં ખાલી જગ્યાને વહેલી તકે ભરવાની બાબતનો સમાવેશ થાય છે. તેમણે પત્રમાં કહ્યું છે કે એક વર્ષની અંદર રાજ્ય પોલીસમાં રહેલી ખાલી જગ્યાને ભરી દેવામાં આવે તે જરૂરી છે. જુદા જુદા રાજ્યોમાં મોટા પાયે જગ્યા કાલી રહેલી છે.

દેશમાં સૌથી વધારે વસ્તી ધરાવતા ઉત્તરપ્રદેશમા સૌથી વધુ ૧૦૧૧૦૦ જગ્યા ખાલી છે. પહેલી જાન્યુઆરી ૨૦૧૩ના આંકડા મુજબ વિવિધ રાજ્યોમાં મોટા પાયે જગ્યા ખાલી છે. ક્રાઈમ રેટના અનુસંધાનમાં પોલીસ જવાનોની પ્રવર્તમાન મંજૂર કરવામાં આવેલી સંખ્યાની સમીક્ષા કરવા તમામ રાજ્ય સરકારોને ગોસ્વામીએ આદેશ કર્યો છે.

# ગુજરાતમાં પોલીસ ફોર્સમાં ૪૮૧૯૧ જગ્યા હજુ ખાલી

## પહેલી જાન્યુઆરી ૨૦૧૩ના આંકડા મુજબ ગુજરાતમાં પણ મોટી સંખ્યામાં જગ્યાઓ ખાલી રહેલી છે : રિપોર્ટ

નવીદિલ્હી,તા. ૨

કેન્દ્ર સરકારે દેશમાં પોલીસ ફોર્સમાં ખાલી રહેલી જગ્યા વહેલી તકે ભરવા માટે સુચના આપી છે. ક્રાઈમ રેટમાં વધારો થતા હવે ખાલી જગ્યા વહેલી તકે ભરવા માટે કહેવામાં આવ્યું છે. ગુજરાતમાં પણ પોલીસ ફોર્સમાં મોટા પાયે જગ્યા ખાલી છે. પહેલી જાન્યુઆરી ૨૦૧૩ના આંકડા દર્શાવે છે કે ગુજરાતમાં પોલીસ ફોર્સમાં ૪૫૧૯૧ જગ્યા ખાલી છે. ઉત્તરપ્રદેશમાં ખાલી જગ્યા સૌથી વધારે રહી છે. પોલીસ ફોર્સમાં ઓછા જવાનોને લીધે લોકોની જાનમાલના રક્ષણમાં તકલીફ થઈ રહી છે. પોલીસની ક્ષમતામાં લોકોના આત્મવિશ્વાસને જાળવી રાખવાની પણ તાકીદની જરૂર છે. કાયદો અને વ્યવસ્થાની સ્થિતીને જાળવી રાખવા માટે પણ પુરતી સંખ્યામાં પોલીસ જવાનો જરૂરી છે. પશ્ચિમ બંગાળમાં ૩૮૭૨૫ પોલીસ જગ્યા ખાલી છે. જે રાજ્યોમાં પોલીસ જગ્યા મોટા પ્રમાણમાં ખાલી છે તેમાં આંધ્રપ્રદેશ, તમિળનાડુ અને કર્ણાટકનો સમાવેશ થાય છે.

# સોનાની કિંમતમાં હજુ ઘટાડો થશે ૨૪૫૦૦ સુધી પહોંચી શકે

## ખરીદીનો આદર્શ સમય : ડોલર સામે રૂપિયો ૬૧ની સપાટીએ રહેશે તો સામાન્ય લોકોને વધુ રાહત થશે : આંતરરાષ્ટ્રીય કિંમતોમાં ઘટાડો

નવીદિલ્હી,તા. ૨

સોનાની કિંમતમાં ઘટાડાનો દોર હજુ જારી રહે તેવા સંકેત દેખાઈ રહ્યા છે. મળેલી માહિતી મુજબ સોનાની કિંમત ડિસેમ્બર સુધી ઘટીને ૨૪૫૦૦ સુધી પહોંચી શકે છે. જો ડોલરની સામે રૂપિયો મજબુત રહેશે તો ઉથલપાથલનો દોર જારી રહેશે. સોનાની કિંમત પ્રતિ ૧૦ ગ્રામ ૨૪૫૦૦ સુધી પહોંચે તેવા સંકેત દેખાતા ખરીદદારો ખુશ દેખાઈ રહ્યા છે. લગ્ની

સિઝન હવે શરૂ થઈ રહી છે ત્યારે લોકોને મોટી રાહત થઈ છે. તહેવાર અને લગ્નની સિઝનમાં હમેંશા સોનાની વધુ ખરીદી કરવામાં આવે છે.ઉંચા ભાવના કારમે હાલ લોકો સોનાની ખરીદી કરવા માટે ખચકાટ અનુભવ કરી રહ્યા હતા પરંતુ હવે રાહત થઈ ચુકી છે. જો રૂપિયો વર્તમાન સપાટી પર રહેશે તો લોકોને રાહત થઈ શકે છે. એમસીએક્સ સોનાની કિંમત શનિવારે પ્રતિ ૧૦ ગ્રામ ૨૬૧૪૩ રૂપિયા રહી હતી. જ્યારે આંતરરાષ્ટ્રીય માર્કેટમાં તેની કિંમત ઓન્સદીઠ ૧૧૭૩.૩૦ ડોલર રહી હતી. અમેરિકામાં અપેક્ષા કરતા વધારે સારી આર્થિક સ્થિતી વચ્ચે વ્યાજ દરમાં વદારો થવાના સંકેત દેખાઈ રહ્યા છે. વ્યાજ દરમાં જો વધારો થશે તો અમેરિકી ડોલર મજબુત થશે. જેના લીધે સોનાની કિંમત પર દબાણ લાવશે. જાણકાર લોકોનુ કહેવુ છે કે આંતરરાષ્ટ્રીય માર્કેટમાં સોનાની કિંમત આ વર્ષના અંત સુધી ૧૦૮૦-૧૧૨૦ ડોલરની સપાટી પર રહે તેવી શકયતા છે. કેટલાક નિષ્ણાતોનું કહેવું છે કે, જો રૂપિયો ડોલરની સામે ૬૧ની વર્તમાન સપાટી પર રહેશે તો ડિસેમ્બરના અંત સુધી સોનાની કિંમત ૨૫૦૦૦-૨૫૫૦૦ થઈ શકે છે. કિંમતમાં વધારે ઘટાડો થસે તો ઉત્પાદનમાં વધારે ઘટાડો થઈ શકે છે. આગામી વર્ષની શરૂઆતમાં વ્યાજ દરમાં વધારો, ક્રુડની કિંમતમાં ઘટાડો, સ્તિર રાજકીય અને ભૌગોલિક સ્થિતી અને અમેરિકી ડોલરમાં મજબુતીના લીધે સોનાની કિંમતમાં દબાણ રહ્યું છે.

# સોનિયા ગાંધી વાઢેરાને મળવા માટે પહોંચી ગયા

નવીદિલ્હી, તા. ૨

કોંગ્રેસ પ્રમુખ સોનિયા ગાંધી આજે તેમના નિવાસસ્થાને તેમના જમાઈ રોબર્ટ વાઢેરાને મળ્યા હતા. જમીન સોદાબાજીના મામલે તેમને એક પત્રકારે પ્રશ્ન કર્યા બાદ પત્રકાર સાથે ખરાબ વર્તન બદલ રોબર્ટ વાઢેરા વિવાદના ઘેરામાં આવી ગયા છે. ભારે વિવાદ વચ્ચે વાઢેરાને મળવા માટે આજે સોનિયા ગાંધી પહોંચ્યા હતા. પત્રકારના માઈકને પણ વાઢેરાએ ફેંકી દીધું હતું. વિડિયોમાં સ્પષ્ટપણે દર્શાવાય છે કે, વાઢેરાએ ખરાબ વર્તન કર્યું હતું. મોડેથી વાઢેરાએ કહ્યું હતું કે, તેમને આ અંગે માહિતી ન હતી. બીજી બાજુ કોંગ્રેસના વરિષ્ઠ નેતા સંદિપ દિક્ષિતે કહ્યું હતું કે, વાઢેરા અને મિડિયા વચ્ચે આ મામલો બન્યો હતો. હરિયાણાના મુખ્યમંત્રી ખટ્ટર કહી ચુક્યા છે કે, આ સંદર્ભમાં કાયદો પોતાનીરીતે કાર્યવાહી કરશે. રોબર્ટ વાઢેરાની જમીન સોદાબાજીને લઈને જોરદાર વિવાદ છે.